**"સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત "સફાઇ ઝુંબેશ" હાથ ધરવા બાબત...**

વંચાણે:- ૧ નાયબ સચિવ(સંકલન)શ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination તા. e-Sing મુજબ

૨ અગ્ર સચિવશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર ના પરિપત્ર ક્રમાંક નં.પરચ/૧૦૨૦૨૬/૧૯૫/મ-૩ તા. ૧૮/૦૯/૨૦૨૬

## ::પરિપત્ર::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની જુદી-જુદી શિક્ષણ, સંશોધન, તથા વિસ્તરણની તમામ કચેરીઓ તથા તમામ યુનિટ-સબ યુનિટની કચેરીઓને જણાવવાનુ કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્રોની સુચનાઓ મુજબ તા. ૧૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ દરમ્યાન રાજ્ય વ્યાપી **"સેવા સંકલ્પ અભિયાન"** ના આયોજન અને અમલીકરણ કરવાનું રહેતું હોય અત્રેની યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓએ તેનું પાલન કરવાનું થાય છે.

**"સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ ખાસ સફાઇ ઝુંબેશનું આયોજન કરી તે અંગેના કામગીરીના પૂર્વે અને બાદના જીપીએસ લોકેશનવાળા ફોટોગ્રાફ્સ અત્રેની કચેરીને ઇ-મેલ મારફત મોકલી આપવાના રહેશે.**

અત્રેની યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓ સક્રિયપણે શ્રમદાન આપીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરવાની થાય છે. જેની સુચનાઓ નીચે મુજબ છે.

૧. કચેરી તથા કચેરી પરિસર સંપૂર્ણ સફાઇ કરવી અને બીનજરૂરી સામગ્રી, કચરો તથા ભંગાર દૂર કરવો.
૨. રેકોર્ડ રૂમ, સ્ટોર રૂમ, પાર્કિંગ વિસ્તાર, કચેરીના પ્રવેશદ્વાર તથા આસપાસના વિસ્તારોની ખાસ સફાઇ કરવી
૩. લાંબા સમયથી ઉપયોગમાં ન હોય તેવી બિનજરૂરી સામગ્રીની ઓળખ કરી નિયમોનુસાર તેનો નિકાલ કરવાની કાર્યવાહી કરવી.
૪. કચેરી પરિસરમાં સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા તથા શૌચાલયની સ્વચ્છતા સુનિશ્ચિત કરવી.
૫. કચરાનું સુકો અને ભીનો કચરો અલગ-અલગ એકત્રિત કરી નિકાલ કરવાની વ્યવસ્થા કરવી.
૬. કચેરી પરિસરમાં સ્વચ્છતા અંગે કર્મચારીઓમાં જાગૃતિ લાવવા જરૂરી સૂચનાઓ આપવી તથા સ્વચ્છતા જાળવવા માટે જવાબદારી નક્કી કરવી.
૭. શક્ય હોય ત્યાં કચેરી પરિસરમાં વૃક્ષારોપણ/હરિયાળી તથા સુંદરતા વધારવાના જરૂરી પગલાં લેવા.
૮. જે તે કચેરીના અધિકારીશ્રીઓએ વ્યકિતગત રીતે ઝુંબેશની કામગીરીનું નિરિક્ષણ કરી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું .
૯ ઝુંબેશ દરમિયાન હાથ ધરવામાં આવેલી કામગીરીના પૂર્વે અને બાદના જીપીએસ લોકેશનવાળા ફોટોગ્રાફ્સ તથા સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરવો.
૧૦ **"સેવા સંકલ્પ અભિયાન"** અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું માહિતી પત્રક મોકલી આપવાનું રહેશે, **(પરિશિષ્ટ-૨ મુજબનું )**
૧૧ ઝુંબેશની પ્રગતિનો અહેવાલ અત્રે મોકલી આપવાનો રહેશે.

નં.કૃ.યુ./રજી./અ.૩...૬..../૧૪૪૯-૯૯ /૨૦૨૬
નવસારી. તારીખ ૧૯/ ૦૯/૨૦૨૬

F:\2026-27\સેવા સંકલ્પ અભિયાન પરિપત્ર.docx

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી - ૩૯૬ ૪૫૦**

P.T.O

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

૨. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

૪ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## પરિશિષ્ટ-૦૨

**"સેવા સંકલ્પ અભિયાન" અભિયાન અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું માહિતી પત્રક**

વિભાગનું નામ:

તારીખ:

| ક્રમ | સ્વચ્છતા માટે પસંદ કરેલ સ્થળ | ટીમોની સંખ્યા | ટીમોમાં કર્મચારી/અધિકારીઓની કુલ સંખ્યા | ઘન કચરાનો નિકાલ (ટનમાં) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Signature valid
Signed by:Alkesh Chaudhari
Deputy Secretary
Date:2026.09.14
11:52:47 +5:30

File No: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination
Approved By: Deputy Secretary,Co-ordination,GAD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*